

સુવિચાર : આપણો ભ્રમ છે કે આપણે ઘડિયાળને ચાવી આપીએ છીએ.. હકીકતમાં ઘડિયાળ આપણને ચાવી આપે છે - જ્યોતિન્દ્ર દવે

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૯ | ૧૯ એપ્રિલ, ૨૦૧૫, રવિવાર ; વૈશાખ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શહેરમાં મોસમની સૌથી વધુ ગરમી

ઉનાળાની કાળઝાળ ગરમીનો આરંભ : મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રીએ પહોંચ્યું : 'લુ'થી વસાહતીઓ પરેશાન

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રારંભ થઈ ચુક્યો છે. એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થતાં તાપમાન ૪૨.૫ ડિ.સે. પહોંચ્યું છે. શનિવારે આખો દિવસ લુ ફુંકાતા આખો દિવસ શહેરના માર્ગો અને બજારો સુમસામ રહ્યા હતા.

ઉનાળાએ આખરે પોતાનો મુળ મિજાજ મેળવી લીધો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી સખત ગરમી રહી છે. ગઈકાલ કરતાં આજે મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થતાં શનિવારે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. પહોંચ્યુ હતુ. ગઈકાલે રાતથી જ ભારે બફારો શરૂ થયો હતો. પવન સાવ બંધ રહેતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા. પંખાની નીચે ખુબ ગરમી લાગતા ઘણા વસાહતીઓએ આગાશીમાં કે ઓસરીમાં સુઈ જવાનું પંદ કર્યુ હતુ. અત્યાર સુધી જેઓએ એ.સી. શરૂ કર્યા ન હતા તેમને ગઈકાલે રાત્રે એ.સી. ઓન કરવાની ફરજ પડી હતી. સવારે સૂર્યોદય સાથે જ આકરો તડકો પડવાનો શરૂ થયો હતો. સવારે દસ વાગતા સુધીમાં તો તડકો એટલો આકરો બન્યો હતો કે ઘરની બહાર નીકળનારા સૌને મોઢા પર રૂમાલ કે દુપટ્ટા બાંધવાની અને ગોગલ્સ પહેરવાની ફરજ પડી હતી. બપોર સુધીમાં તો લુ વધુ આકરી બનતા વસાહતીઓએ ઘર અને કચેરીમાંથી બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. બપોરે શહેરના માર્ગો અને બજારો એકદમ સુમસામ બની ગયા હતા. છેક મોડી સાંજ વસાહતીઓ ઘરની બહાર દેખાયા હતા. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસોમાં ગરમી વધુ રૌદ્રરૂપ ધારણ કરે તેવી સંભાવનાઓ છે. આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૭.૫ ડિ.સે. નોંધાયું હતુ જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૭ ટકા અને સાંજે ૧૬ ટકા નોંધાયુ હતુ.

ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો આજે વધીને નવી ઉંચી સપાટીએ પહોંચતા લોકો ત્રાહીમામ પોકારી ગયા હતા. જુદા-જુદા વિસ્તારોમાં પારો એકાએક વધ્યો હતો. અમદાવાદમાં પારો એકાએક ૩ ડિગ્રી વધીને ૪૩ સુધી પહોંચી ગયો હતો. હવામાન વિભાગે કરેલી આગાહી કરતાં પણ પારો વધુ વધ્યો હતો અને ૪૩ સુધી પહોંચી ગયો હતો. આજે રાજ્યના જે વિસ્તારમાં સૌથી વધુ ગરમી નોંધાઈ હતી તેમાં અમદાવાદનો સમાવેશ થાય છે. અમદાવાદ ઉપરાંત રાજકોટમાં પણ પારો ૪૩ ડિગ્રી પહોંચી ગયો હતો. જ્યારે ૪૨થી વધુ તાપમાન પણ ઘણા વિસ્તારમાં રહ્યું હતું. જેમાં ડિસામાં ૪૨.૬, પાટનગર ગાંધીનગરમાં ૪૨.૫, ઈડરમાં ૪૨, સુરેન્દ્રનગરમાં ૪૨.૮ અને કંડલા એરપોર્ટમાં ૪૨.૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ક્યાં-કેટલું તાપમાન

અમદાવાદ	૪૩.૦
રાજકોટ	૪૩.૦
કંડલા એરપોર્ટ	૪૨.૯
સુરેન્દ્રનગર	૪૨.૮
ડિસા	૪૨.૬
ગાંધીનગર	૪૨.૫
ઈડર	૪૨.૦
વડોદરા	૪૧.૮
ભુજ	૪૧.૦
કંડલાપોર્ટ	૩૯.૭
ભાવનગર	૩૯.૨
મહુવા	૩૮.૮
પોરબંદર	૩૭.૬
સુરત	૩૬.૪
નલિયા	૩૬.૦
દ્વારકા	૩૩.૦

મોટેરા ખાતે ચેન્નઈ-રાજસ્થાન વચ્ચે આજે ખરાખરીનો જંગ

મહેન્દ્રસિંહ ધોની, શેન વોટ્સન સહિતના સ્ટાર ખેલાડીને જોવા માટે ચાહકો ભારે ઉત્સુક

અમદાવાદ,તા. ૧૮

અમદાવાદમાં ઐતિહાસિક મોટેરા સ્ટેડિયમ પર આવતીકાલે હાઈપ્રોફાઈલ અને હાઈવોલ્ટેજ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપરકિંગ્સ વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ચેન્નઈ સુપરની ટીમ વધુ મજબુત દેખાઈ રહી છે. આ ટીમના તમામ ખેલાડીઓ જોરદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. હરીફ ટીમો પર આ ટીમ ભારે પડી રહી છે. મેક્કુલમ, સ્મિથ પોતાની કુશળતા દર્શાવી ચુક્યા છે. આ બન્નેની હાજરી રાજસ્થાન રોયલ્સ માટે પણ મુશ્કેલી સર્જી શકે છે.

રાજસ્થાન રોયલ્સના કેપ્ટન શેન વોટ્સન દ્વારા પણ નવી રણનીતિ સ્ટાર ખેલાડીઓને રોકવા માટે અપનાવવામાં આવી ચુકી છે. મેચને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મેચને લઈને અમદાવાદમાં પણ ક્રિકેટ ક્રેઝ જોવા મળી રહ્યો છે. મોટેરા સ્ટેડિયમ ઉપર આ મેચને જોવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો પહોંચે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજસ્થાન રોયલ્સ અને ચેન્નઈ સુપરકિંગ્સ બંનેમાં અનેક સ્ટાર ખેલાડીઓ હોવાથી આ મેચ ખુબ જ રોચક બને તેવી શક્યતા છે. રાજસ્થાન રોયલ્સનો દેખાવ ધારણા પ્રમાણે જોરદાર રહ્યો છે. શેન વોટસનના નેતૃત્વમાં આ ટીમમાં ઓસ્ટ્રેલિયાના કેટલાક સ્ટાર ખેલાડીઓ છે. શેન વોટસન પણ કેપ્ટન તરીકે જોરદાર રહ્યો છે. તેની બેટિંગની પણ નોંધ લેવામાં આવી છે. સાઉથીએ હાલમાં જ એક મેચમાં ચોગ્ગો ફટકારીને જીત અપાવી હતી જેથી આ ટીમમાં લડાયક ખેલાડીઓ છે તે બાબત સાબિત થાય છે. ધોનીની ટીમમાં વિશ્વના ધરખમ બેટ્સમેનો છે.

Luvkush 4 માં મારું પોતાનું ઘર હોવાનાં 7 કારણો

આજે જ સેમ્પલ હાઉસની મુલાકાત લો

T : TRANSPARENCY
A : AFFORDABILITY
Q : QUALITY
T : TIME
S : SPACES

- બિલ્ટ-અપ એરિયાની ગણતરી મંજુર થયેલ પ્લાન મુજબ.
- 13 - 16% વધુ વપરાશલાયક બિલ્ટ-અપ એરિયા.
- 100% દસ્તાવેજ અને લોન પેપર્સ : વેરામાં મહત્તમ બચત.
- બિલ્ડીંગના વાર્ષિક મેન્ટેનન્સમાં બચત.
- ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેશન.
- માસિક ઊર્જા ખર્ચમાં બચત.
- ભાવ વધારાની મહત્તમ તક.
- ઓક્ટોબર -2015 માં પઝેશન.

અખાત્રીજ નિમિત્તે 2 BHK અને 3 BHK
ઘરનું ઘર બનાવવા માટે શ્રેષ્ઠ નાણાકીય પ્લાન

20% તમે ચૂકવો બુકિંગ સમયે

80% આપના માટે ચૂકવશે બેંક

10% આપના વતી અમો ચૂકવીશું પઝેશન સમયે આપનો સર્વિસ ટેક્ષ અને સ્ટેમ્પ ડ્યુટી

*ઓફર 30th APRIL 2015 સુધી જ માન્ય

શ્રી shree Real Estate Developers
CALL: 07048481234, 07048491234

Luvkush 4
2 & 3 BHK Luxurious Apartments
PDPU - પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી રોડ, ભાઈજીપુરા પાટિયા સામે, રાયસણ - ગાંધીનગર

મુખ્યમંત્રીના સચિવ અજય ભાદુને માહિતી વિભાગનો વધારાનો હવાલો

રાજયના મુખ્યમંત્રીના અગ્ર સચિવ જી.સી.મુર્મુની કેન્દ્ર સરકારમાં બદલી થતાં તેમની ખાલી પડેલી જગ્યાનો હવાલો મુખ્યમંત્રીના સચિવ અજય ભાદુને સોંપવામાં આવ્યો છે.

રાજય સરકારે કેન્દ્ર સરકારમાં પ્રતિ નિયુકિત પર અગ્ર સચિવ જી.સી. મુર્મુ જતાં ખાલી પડેલી જગ્યાઓનો હવાલો અન્ય અધિકારીઓને સોંપતા હુકમો જારી કર્યા છે.

નામ	હાલની જગ્યા	વધારાનો હવાલો
જી.સી. મુર્મુ	મુખ્યમંત્રીના અગ્રસચિવ	સંયુકત સચિવ કેન્દ્ર સરકારમાં
જી.આર. અલોરીયા	અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ	લૉ એન્ડ ઑર્ડરનો વધારાનો હવાલો
મમતા વર્મા	ઉદ્યોગ કમિશનર ગાંધીનગર	જીઆઈઆઈસીના એમ.ડી.નો વધારાનો હવાલો
અજય ભાદુ	મુખ્યમંત્રીના સચિવ	માહિતી વિભાગનો વધારાનો હવાલો

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬